





# 2026 : આ વર્ષ સૂર્યનું છે

## 4 જાન્યુઆરી 2026થી સૂર્ય - શનિની યુતિ કેવું ફળ આપશે?

કાળચક્ર — યજ્ઞાનંદ

નવું વર્ષ 2026 શરૂ થવાનું છે અને '' આ વર્ષ સૂર્ય ''નું રહેશે. ન્યૂમરોલોજી કે અંક ગણિત અનુસાર જોઈએ તો 2026નું ટોટલ 10 (2+0+2+6=10) થાય છે અને જ્યોતિષ અંકમાં 10 નંબરનો મૂળાંક 1 નીકળે છે, જે સૂર્યનો અંક છે. એટલા માટે આગળના વર્ષમાં ગ્રહોના રાજા સૂર્યનો પ્રભાવ વધારે રહેશે. જ્યોતિષાચાર્ય કહે છે કે, જે લોકોને મૂળાંક 1 છે.... તેમને 2026માં સૂર્યની વિશેષ કૃપા મળી શકે છે.

**આ તારીખો પર જન્મેલા લોકોના મૂળાંક 1 છે.**

અંક જ્યોતિષ અનુસાર જે લોકોનો જન્મ કોઈ પણ મહિનાની 1,10,19 કે 28 તારીખે થયો હોય તે બધાં જાતકોનો મૂળાંક 1 માનવામાં આવે છે. આ મૂળાંક લોકોમાં ગજબની લીડરશીપ ક્વૉલિટી હોય છે અને તેઓ લાખ કઠિન પરિસ્થિતિઓમાંથી પસાર થવા છતાં પોતાની પ્રગતિનો રસ્તો શોધી જ લે છે.

**આત્મવિશ્વાસથી ભરપૂર :** નવું વર્ષ 2026માં મૂળાંક 1 વાળામાં ભરપૂર આત્મવિશ્વાસ જોવા મળે છે. તે પોતાનાં સાહસ - પરાક્રમથી દરેક મોટી સિદ્ધિ હાંસલ કરી શકે છે. પરંતુ વધારે પડતો આત્મવિશ્વાસથી લીધેલો નિર્ણય ક્યારેક તેમને નુકસાન પણ કરાવી શકે છે. પરંતુ વધારે પડતા આત્મવિશ્વાસથી લીધેલો નિર્ણય ક્યારેક તેમને નુકસાન પણ કરાવી શકે છે. એટલા માટે સમજી વિચારીને જ મોટો નિર્ણય કરવો... તેથી તમારું માન, સન્માન, પ્રતિષ્ઠા શિખર (ટોચ) પર રહેશે.

**પિતાનો સહયોગ**

આ વર્ષે મૂળાંક 1નાં લોકોને પોતાના પિતાનો સંપૂર્ણ સહકાર મળશે. તેમના સહકારથી તમે કેરિયરમાં મોટી સિદ્ધિઓ હાંસલ કરી શકશો... કોઇ નવા કામની શરૂઆત કરી શકો છો અથવા પછી પેઢીઓથી ચાલી આવતા વેપારને આગળ વધારી શકો છો. આ વર્ષે પિતા પુત્રમાં ગજબની બોન્ડિંગ જોવા મળશે.

**ધન્યધાન્યમાં વધારો**

2026 તમારી આવકની દૃષ્ટિએ પણ સારું માનવામાં આવે છે. તમારા આવકનો સ્રોત વધશે. આર્થિક સ્થિતિ મજબૂત થશે. કિંમતી ચીજો પર પૈસા ખર્ચ કરશો. પરંતુ રૂપિયાની આવકમાં કોઇ કમી રહેશે નહીં. આ વર્ષે તમે ખૂબ ધન કમાશો અને પૈસાની બચત પણ કરશો. ભવિષ્ય માટે કોઇ મોટી યોજનામાં રોકાણ કરી શકો છો.

**આરોગ્યમાં સુધારો થશે**

આરોગ્યની દૃષ્ટિએ પણ આ નવું વર્ષ ઉત્તમ જોવા મળશે. કોઇ જૂનો રોગ હશે, તો તેમાં તમને રાહત મળશે. માનસિક શાંતિ અને ઊર્જાનો અનુભવ કરશો. સુખદ યાત્રાનો પ્રબળ યોગ છે. વિદેશમાં ભણવા અથવા ફરવાનાં સપનાં જે વર્ષોથી તમે જોઇ રહ્યાં છો તે આ વર્ષે પૂરાં થવાની શકયતા છે.

**સૂર્ય-શનિની યુતિઃ 4 જાન્યુઆરી 2026થી શરૂ થશે. આ 3 રાશિઓનો 'સુવર્ણ કાળ'**

જ્યોતિષ અનુસાર સૂર્ય અને શનિને ક્રમશઃ પિતા પુત્ર હોવા છતાં સાથે સાથે એકબીજાના શત્રુ પણ માનવામાં આવે છે. પરંતુ આ બંને પણ શકિતશાળી ગ્રહોની જોડી નવા વર્ષની શરૂઆતમાં 4 જાન્યુઆરી 2026ના રોજ 72 ડિગ્રી કોણ પર આવીને 'પંચાંક યોગ' બનાવશે. આવામાં શનિ અને સૂર્ય પર ગુરુની દૃષ્ટિ પણ રહેશે. લગભગ 30 વર્ષ બાદ થતો આ દુર્લભ રાજયોગ ત્રણ રાશિઓના ભાગ્યોદયનો સંકેત છે. આ દરમિયાન શનિ મીન રાશિમાં હશે અને સૂર્ય ધન રાશિમાં રહેશે. જેના પર ગુરુ-બૃહસ્પતિની દૃષ્ટિ પણ રહેશે. જ્યોતિષાચાર્યો તેને મહા 'રાજયોગ' કહે છે, જે લગભગ 30 વર્ષ બાદ થશે. આ દુર્લભ સંયોગ 2026ની શરૂઆતમાં 3 રાશિનાં જાતકોનો ભાગ્યોદય કરી શકે છે.

**કન્યા રાશિ**

વર્ષ 2026ની શરૂઆતમાં કન્યા રાશિમાં નવી આર્થિક સંભાવનાઓ ઊભી થશે. તમારાં ધન, કેરિયર, કારોબારથી સંકળાયેલાં જે કાર્ય વિલંબમાં છે, તેમાં ગતિ આવી જશે. નોકરિયાતવાળાં લોકોને પ્રમોશન અને થોડીક મોટી જવાબદારીઓ મળી શકે છે. કોઇ મોટું પદ મળવાથી તમારું મન પ્રસન્ન રહેશે. વિદેશ ફરવા, ભણવા કે રહેવાનાં સપનાં સાચાં પડી શકે છે.

**ધન રાશિ**

સૂર્ય-શનિના આ દુર્લભ સંયોગની અસર ધન રાશિ પર પણ જોવા મળશે. સફળતા માટે જે મોટી તકની શોધ તમને લાંબા સમયથી હતી, તે બહુ જ જલદી મળશે. 2026ની શરૂઆતમાં વેપારીઓના હાથે નફાની કોઇ મોટી ડીલ થશે. નોકરિયાતવાળાં જાતકોને પણ ભાગ્ય પૂરો સાથ આપશે. સમજમાં તમારું માન-સન્માન વધશે. મોટા તેમજ વડીલોના આશીર્વાદથી ખૂબ નફો રળશો.

**મીન રાશિ**

સૂર્ય-શનિનો આ સંયોગ મીન રાશિવાળાંઓ માટે પણ અત્યંત લાભદાયક સાબિત થશે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે. જેનું દેવું કે રોકાયેલાં નાણાં પાછાં મળશે. જો કોઇ રોકાણમાં લાંબા સમયથી પૈસા ફસાયેલા હોય તો તે પણ પાછા મળી શકે છે. જે લોકોને ઘણા સમયથી રોજગારની શોધ છે તેમની આ શોધ બહુ જ જલદી સમાપ્ત થઇ જશે! કોઇ સારી, મોટી નોકરીનો અવસર તમારે હાથ લાગશે. રોગ-બીમારીઓમાંથી પણ છુટકારો મળશે.



# પૈસા આપતો પથ્થર





યંત્ર-મંત્ર-તંત્ર — યજ્ઞેશ ત્રિવેદી

કોઈ પણ વ્યક્તિ જે પોતાના જીવનમાં પૈસા, સફળતા અને ભાગ્ય ઈચ્છે છે- તે પાઈરાઈટ રાખી શકે છે અથવા પહેરી શકે છે. આજના સમયમાં દરેક વ્યક્તિ સુખ-સમૃદ્ધિ, ધન-સંપત્તિથી લઈને કુટુંબ સુખ મેળવવા માટે ખૂબ મહેનત કરે છે. પરંતુ કેટલાંયે કારણોસર તે સફળતા હાંસલ કરી શકતો નથી. આવામાં વિશેષ ઉપાયો કરવાની સાથે સાથે કુંડળીમાં જે ગ્રહની સ્થિતિ નબળી હોય તેના સંબંધિત ઉપાય અને રત્ન ધારણ કરે છે. આવો જ આ સમયે એક રત્નની ઘણી વાત થઈ રહી છે તે છે પાઈરાઈટ રત્ન. જ્યોતિષશાસ્ત્રમાં આ રત્નને ઘણા શક્તિશાળી રત્નમાંથી એક માનવામાં આવે છે. આ રત્ન વ્યક્તિને રાતોરાત કિસ્મત બદલી નાખવા સુધીની તાકાત રાખે છે. તેને ઘરમાં વિધિસર રાખવાથી માંડીને વીંટી કે પછી લોકેટના રૂપે ધારણ કરે છે. આમ કરવાથી આર્થિક સ્થિતિ સારી થાય છે અને કર્જમાંથી છૂટકારો મળવાની સાથે-સાથે સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. પાઈરાઈટ એક આકર્ષક અને ચમકીલો પથ્થર છે જેને 'ફૂલ્સ-ગોલ્ડ'ના નામથી પણ ઓળખાય છે. તે ફક્ત જોવામાં જ સુંદર હોય છે એવું નથી. પરંતુ તેને પહેરવાથી જીવનમાં કેટલાયે લાભ પણ મળે છે. તે તમારા જીવનમાં સકારાત્મક બદલાવ લાવવાની પણ શક્તિ રાખે છે. જો તમે આત્મવિશ્વાસ, ઊર્જા અને આર્થિક સમૃદ્ધિની શોધમાં છો તો પાઈરાઈટ તમારા માટે એક ઉત્તમ વિકલ્પ બની શકે છે.

**કુંડળીમાં તે કયા ગ્રહોને મજબૂત કરે છે?**

પાઈરાઈટનો સંબંધ 'મંગળ ગ્રહ' સાથે માનવામાં આવે છે. મંગળ ઊર્જા, સાહસ, આત્મબળ અને એકશનનો ગ્રહ છે. પાઈરાઈટ પહેરવાથી કુંડળીમાં મંગળ મજબૂત થાય છે જેનાથી વ્યક્તિમાં નેતૃત્વક્ષમતા, હિંમત અને ક્રિયાશીલતા આવે છે. આ સિવાય તે પથ્થર 'સૂર્ય' સંબંધિત માનવામાં આવે છે. આ પથ્થરને ધારણ કરવાથી શનિદેવ પણ અતિ પ્રસન્ન થાય છે.


**પાઈરાઈટ રત્ન પહેરવાના લાભઃ ધન અને સમૃદ્ધિનું પ્રતીક**

પાઈરાઈટને સમૃદ્ધિ અને ધનનું પ્રતીક માનવામાં આવે છે. તેને પહેરવાથી આર્થિક સ્થિતિ મજબૂત થાય છે અને ધનપ્રાપ્તિના યોગ બને છે.

**આત્મવિશ્વાસ અને સાહસમાં વધારો**

પાઈરાઈટ પહેરવાથી વ્યક્તિનાં 'આત્મવિશ્વાસ' અને 'સાહસ'માં વધારો કરે છે. તે તમોને ડર, શંકા અને નબળાઈમાંથી બહાર કાઢવામાં મદદ કરે છે.

> **એક આકર્ષક અને ચમકીલો પથ્થર છે જેને 'ફૂલ્સ ગોલ્ડ'ના નામથી ઓળખાય છે**



**માનસિક સ્પષ્ટતા અને નિર્ણયશક્તિ**

જો મનમાં ઉલઝન હોય, વિચાર સ્પષ્ટ ના હોય તો પાઈરાઈટ પહેરવાથી માનસિક સ્પષ્ટતા મળે છે અને નિર્ણય લેવાની ક્ષમતા મજબૂત થાય છે.

**ઊર્જા અને શક્તિમાં વધારો**

પાઈરાઈટ 'શરીર' અને 'મન'-બંનેમાં ઊર્જાનો સંચાર કરે છે. તેને પહેરવાથી થાક અને નકારાત્મકતા દૂર થાય છે.

**કેરિયરમાં પ્રગતિ થાય છે**

આ રત્ન પહેરવાથી કેરિયરમાં પણ સકારાત્મક પ્રભાવ જોવા મળી શકે છે. તમારા દ્વારા મહેનતના બળ પર પદોન્નતિની સાથે વેતનમાં વધારો થઈ શકે છે.

**કઈ રાશિઓનાં જાતક આ પથ્થર ધારણ કરી શકે છે?**

આ પથ્થરને ખાસ કરીને મેષ, સિંહ અને વૃશ્ચિક જેવી અગ્નિ તત્ત્વની રાશિઓને જાતક ધારણ કરી શકે છે. આ સિવાય જે જાતકોની કુંડળીમાં 'સૂર્ય' અને 'મંગળ' નબળા હોય તો તે પાઈરાઈટ પહેરી શકે છે.

**પાઈરાઈટ રત્ન કેવી રીતે પહેરવો જોઈએ?**

પાઈરાઈટને 'મંગળવાર'ના દિવસે પહેરવો સૌથી સારો માનવામાં આવે છે. તેને પહેરતાં પહેલાં ગંગા જળ અને દૂધમાં ધોઈને શુદ્ધ કરવો જોઈએ. પહેરતાં પહેલાં 'ઓમ ભૌમાય નમઃ' મંત્રનો 11 વાર જપ કરવો. તેને તમે ચાંદી, તાંબુ, લોખંડ કે સ્ટીલની ધાતુમાં બનાવી શકો છો. પાઈરાઈટને ગળામાં લોકેટ રૂપે અથવા જમણા હાથની અનામિકા (રિંગ ફિંગર)માં પહેરી શકો છો. સ્ત્રીઓ તેને ડાબા હાથની અનામિકામાં પણ પહેરી શકે છે.

પાઈરાઈટ રત્ન પહેરતાં સમયે ધ્યાન રાખવાની વાતો

- પાઈરાઈટ પહેરતાં સમયે મન સાફ અને શાંત હોવું જોઈએ.
- નકારાત્મક વિચારોથી દૂર રહેવું અને સકારાત્મક વિચાર રાખવો.
- કોઈ જ્યોતિષાચાર્યનો પરામર્શ લઈને પહેરવાથી વધુ સારું ફળ મળે છે.
- તેને બાળકોથી દૂર રાખવો અને સમય-સમય પર સાફ કરવો.

**પાઈરાઈટ કોણ પહેરી ના શકે?**

જો તમોને આર્યન (લોખંડ)થી એલર્જી હોય.. તમારી ત્વચા સંવેદનશીલ હોય કે તમોને રેશિસ થવાનો ખતરો રહેતો હોય તો પાઈરાઈટનાં આભૂષણ પહેરવાથી બળતરા કે લાલાશ થઈ શકે છે. તે ઊર્જાથી જોડાયેલ નથી પરંતુ તે શુદ્ધ રસાયણવિજ્ઞાન છે. કેટલાંક લોકોની ચામડી ધાતુઓ કે સલ્ફાઈડ આધારિત ખનિજો પ્રત્યે સારી પ્રતિક્રિયા આપતી નથી.

**પાઈરાઈટ સ્ટોન ક્યાં ક્યાં કામ આવે છે?**

પાઈરાઈટ બ્રેસલેટને- ધન, સફળતા અને અવસરના પથ્થરના રૂપે જાણવામાં આવે છે! તેને પર્સ, તિજોરી કે કાર્યસ્થળ પર રાખવાથી આર્થિક સ્થિતિ મજબૂત થાય છે અને આવકમાં વધારો થવાની સંભાવના વધે છે. આ પથ્થર આત્મબળ અને નેતૃત્વક્ષમતા વધારે છે. જેનાથી નિર્ણયક્ષમતા મજબૂત થાય છે.

આ એક પીળા રંગનો ચમકદાર પથ્થર છે, જેને લોકો 'ફૂલ્સ ગોલ્ડ' પણ કહે છે, કારણ કે તે જોવામાં બિલકુલ સોના જેવો લાગે છે. આ પથ્થર લોખંડ અને સલ્ફર ભેગાં મળીને બને છે અને તેનું રાસાયણિક નામ FeS2 છે. 'પાઈરાઈટ' નામ ગ્રીક ભાષામાં 'Pyt' શબ્દથી લેવામાં આવ્યો છે, જેનો મતલબ છેઃ અગ્નિ. એવું એટલા માટે કારણ કે જ્યારે આ પથ્થર કોઈ બીજા પથ્થર કે લોખંડ સાથે ટકરાય છે ત્યારે તેમાંથી ચિંગારી નીકળે છે. તેનો સોનાનો રંગ ધન, તાકાત અને પોઝિટિવ એનર્જીનું પ્રતીક માનવામાં આવે છે.

પાઈરાઈટને લોકો ફક્ત તેની ખૂબસૂરતીને કારણે જ પસંદ નથી કરતાં પરંતુ એવું માનવામાં આવે છે કે, આ માનસિક, શારીરિક અને આત્મિક એટલે કે સ્પિરિચ્યુઅલ રૂપે પણ બહુ જ ફાયદો પહોંચાડે છે.

> **આ રત્ન વ્યક્તિનું રાતોરાત કિસ્મત બદલી નાખવા સુધીની તાકાત ધરાવે છે**

**અલગ-અલગ આંગળીઓમાં પહેરવાથી અલગ-અલગ લાભ**

**તર્જની (Index Finger)**

- નેતૃત્વક્ષમતા, આત્મવિશ્વાસ અને બીજાને પ્રભાવિત કરવાની શક્તિ વધારવા માટે
- ખાસ કરીને જ્યારે કોઈનું કેરિયર, લીડરશિપ, પ્રશાસન કે પબ્લિક ડીલિંગથી જોડાયેલું હોય તેને ફાયદો થાય છે.

**અનામિકા (Ring Finger)**

- ધન, સફળતા, પ્રસિદ્ધિ અને સંબંધોમાં સામંજસ્ય વધારવા માટે.
- ખાસ કરીને જ્યારે કુંડળીમાં સૂર્ય કે મંગળ નબળો હોય અને તેને મજબૂત કરવો હોય ત્યારે.

ટચલી નાની આંગળી (Litel Finger)

- બોલવાની કળા, કમ્યુનિકેશન સ્કિલ અને ક્રિયેટિવિટી વધારવા માટે.
- પત્રકાર, લેખક, શિક્ષક કે એવા કોઈ પણ ક્ષેત્રમાં જ્યાં પ્રભાવશાળી સંવાદ જરૂરી હોય, તેના માટે આ સ્ટોન અને આંગળી યોગ્ય માનવામાં આવે છે.

# પવિત્ર - આધ્યાત્મિક કરુંગલી માળા

જડીબુટ્ટી — નજુમી

કેટલાંયે ભક્તો પોતાના ગળામાં કેમ કાળા મોતીની માળા પહેરે છે? તમે તેને માટે ક્યારેય વિચાર્યું છે કે તે રહસ્યમય કાળા મોતી શું છે? તેને 'કરુંગલી' માળા કહે છે. તેમાં જબરજસ્ત આધ્યાત્મિક શક્તિ હોય છે. પરંતુ કરુંગલી માળા શું છે? તેનો સાચો જવાબ તેના આધ્યાત્મિક મહત્ત્વ અને ઉપયોગમાં છુપાયેલો છે.આવો, જાણીએ કે આ ખાસ માળાનો ઉપયોગ અને એ પણ તેને પહેરનારને ક્યાં દેવી-દેવતાની કૃપા મળે છે.

**કરુંગલી માળાનું આધ્યાત્મિક મહત્ત્વ**

કરુંગલી માળા પવિત્ર કરુંગલી વૃક્ષથી આવે છે. જેને બ્લેક અબોની વૂડ (Black Ebony Wood) કહે છે.

ઘણાં લોકો પૂછે છે : કરુંગલી માળા શું છે? તો તેનો જવાબ છે : એક શક્તિશાળી આધ્યાત્મિક ઉપકરણ. તેની ઘાટી અને ઠોસ લાકડીનો રંગ ઘણો જ શક્તિશાળી આધ્યાત્મિક ઊર્જાને ધારણ કરે છે.

પ્રાચીન ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ છે કે, તેમાં નકારાત્મક ઊર્જા શોષવાની અને તેને સકારાત્મક ઊર્જામાં પરિવર્તિત કરવાની શક્તિ છે.

કરુંગલી વૃક્ષનો કાળો રંગ - રહસ્ય, શક્તિ અને અદૃશ્ય આધ્યાત્મિક વિશ્વનું પ્રતીક માનવામાં આવે છે... જે તેને ધ્યાન અને રહસ્યમયી સાધનાઓ માટે એકદમ યોગ્ય બનાવે છે! તેનો ઘાટ્ટો કાળો રંગ તેની અનંત શૂન્યતાને દર્શાવે છે, જેનાથી સર્જનની શરૂઆત થાય છે. જ્યારે આ માળા પહેરો તો તમે તે આદિકાળની બ્રહ્માંડીય ઊર્જાથી જોડાઈ જાવ છો!

આ જોડાણ તમોને સાંસારિક ભ્રમથી બહાર કાઢીને ઉચ્ચ ચેતના તરફ લઈ જાય છે. તે આધ્યાત્મિક ઉત્થાનનું એક માધ્યમ છે.

કેટલાયે આધ્યાત્મિક ગુરુ 'ધ્યાનની સાધના માટે' 'અસલી કરુંગલી માળા' પહેરવાની સલાહ આપે છે. તે માળાની મણિઓ (મણકા) પ્રાર્થનાના સમયે ફોક્સ બનાવી રાખવામાં મદદ કરે છે અને એક રક્ષણ કવચ બનાવે છે, જેનાથી નકારાત્મક ઊર્જા તમોને આધ્યાત્મિક ઊર્જામાં અવરોધ આવતો નથી.

કરુંગલી માળા પહેરવાના ફાયદા ફક્ત રક્ષણ કરવા સુધી જ સીમિત નથી. પરંતુ તે શરીરનાં સાત ચક્રોને સમતળ (બેલેન્સ) રાખવામાં પણ મદદ કરે છે. તેના દરેક મણિ(મણકા) દિવ્ય ઊર્જાને કેન્દ્રિત કરવાનું માધ્યમ બને છે. તેના નિયમિત ઉપયોગથી તમારી અંતરજ્ઞાન શક્તિ અને આધ્યાત્મિક સમજમાં વધારો થાય છે.

**- આધ્યાત્મિક સાધન :-** કરુંગલી માળા એક શક્તિશાળી આધ્યાત્મિક સાધન છે, જેનો ઉપયોગ ગ્રાઉન્ડિંગ, ઓરા રક્ષણ અને દિવ્ય સંવાદ માટે કરવામાં આવે છે. કરુંગલી માળાનો ઉપયોગ નિયમિત રીતે ધ્યાન અને યોગ અભ્યાસમાં પણ કરવામાં આવે છે જેનાથી માનસિક સ્પષ્ટતા આવે છે.

**- મંત્રજાપ :-** જ્યારે પણ મંત્રોના જાપ દરમિયાન તેનો ઉપયોગ કરવામાં આવે છે, તો દરેક મોતી કંપનને વધારે છે જેનાથી ધ્યાન અને સંકલ્પ વધે છે.

**- આધ્યાત્મિક ઉત્થાન :-** આ માળાના નિયમિત ઉપયોગથી હૃદય ખૂલે છે અને ઊર્જામાં અવરોધો આવતા હોય તે ચોખ્ખા થઈ જાય છે, જેનાથી આધ્યાત્મિક ઉત્થાન થાય છે.

> **ડિપ્રેશન, એન્ઝાયટી, માનસિક અસ્વસ્થતા, યાદશક્તિ તથા ધાર્મિક આધ્યાત્મિક શક્તિમાં આગળ વધવું હોય તો આ માળા રામબાણ છે**

**ચક્ર સંતુલન :-** કરુંગલી માળા ખાસ કરીને મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્રને બેલેન્સ કરવામાં મદદ કરે છે, જેનાથી સ્થિરતા અને રક્ષણ મળે છે.

**મૂલાધાર ચક્ર :-** ગ્રાઉન્ડિંગ માટે બનેલી આ માળા મૂલાધાર ચક્રને ઊંડાણથી જોડાયેલી હોય છે અને ઊર્જાને સ્થિર કરી પૃથ્વીને જોડે છે.

**ઊર્જાનું બેલેન્સ :-** દરેક મોતીમાં એવાં તરંગો હોય છે, જે આધ્યાત્મિક અને શારીરિક ઊર્જાને બેલેન્સ કરે છે.

**દિવ્ય કંપન :-** આબનુસની લાકડીમાં દિવ્ય કંપન હોય છે જે ઓરાને શુદ્ધ કરે છે અને ઊંચા સ્તરથી આશીર્વાદ આકર્ષિત કરે છે.

**કરુંગલી માળા કોણે પહેરવી જોઈએ અને કેમ?**

કેટલાંક ખાસ લોકો માટે તે ઘણી ફાયદકારક છે. જે લોકોની કુંડળીમાં શનિની સાડા સાતી ચાલી રહી હોય- તેણે કરુંગલી માળા પહેરવી જોઈએ. તે એ સમયગાળાની કઠોરતાને ઓછી કરી નાખે છે અને જીવનમાં સ્થિરતા લાવવામાં મદદ કરે છે. સાથે જ આ માળા તમારાં કર્મોથી જોડાયેલાં સબક સમજવા માટે પણ મદદ કરે છે. નેતૃત્વની ભૂમિકા ભજવવાવાળાં લોકો માટે પણ આ માળા બહુ જ લાભકારક છે. તેનાથી નિર્ણય લેવાની ક્ષમતા વધે છે અને મગજ સ્વચ્છ રાખે છે. ધંધો-વ્યવસાય કરનાર અને રાજનેતા તેને સફળતા અને દુશ્મનોના રક્ષણ માટે પહેરે છે.

કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી કરી રહેલા સ્ટુડન્ટ્સને પણ આ માળા ઘણો ફાયદો આપે છે. તે યાદશકિત વધારે છે અને એક્ઝામ સ્ટ્રેસને ઓછો કરે છે તેથી ભણવા માટેનું લક્ષ્ય સરળ થવાથી તેના તરફ જ ફોક્સ રહે છે. કરુંગલી માળાનો લાભ સ્ટુડન્ટસ અને પ્રોફેશનલ્સ બંન્નેને મળે છે.

જો કોઈ પર કાળો જાદુ અથવા ખરાબ નજરની અસર હોય તો કરુંગલી માળા તરત પહેરવી જોઈએ.

આ માળાને પુરુષ અને સ્ત્રી બંને પહેરી શકે છે. તે એક પવિત્ર માળા છે. બધી રાશિવાળાં લોકો કરુંગલી માળા પહેરી શકે છે. સ્ત્રીઓ દરેક સમયે તે માળા પહેરી શકે છે. આ માળા બહુ જ પવિત્ર માનવામાં આવે છે.

**કરુંગલી માળા પહેરવાથી આરોગ્ય અને માનસિક લાભ**

કરુંગલી માળાથી શારીરિક ફાયદા ક્યો છે? તેના ફાયદા ખરેખર કમાલના છે.

કરુંગલી માળાના ફાયદામાં સ્ટ્રેસ અને એંઝાયટીને ઓછી કરે છે. આ માળાથી નીકળતા શાંત તરંગો નર્વસ સિસ્ટમને સૂકૂન આપે છે. બહુ જ લોકો રિપોર્ટ કરે છે કે, તેને રોજ પહેરવાથી તેમની ઊંઘની ક્વોલિટીમાં સુધારો થઈ જાય છે. તે બ્લડ પ્રેશર અને હાર્ટ રેટને પણ કંટ્રોલ કરવામાં મદદ કરે છે. આ માળા તમારા મેન્ટલ હેલ્થ પર પણ કામ કરે છે. તે માનસિક ઉલઝનને દૂર કરે છે. સ્ટુડન્ટસ અને વર્કિંગ પ્રોફેશનલ્સના તે કામમાં મદદ કરે છે. તેના મોતી ડિપ્રેશન અને નેગેટિવ થોટ્સમાંથી છુટકારો મેળવવામાં પણ સપોર્ટ કરે છે. કરુંગલીની લાકડીના નિયમિત સંપર્કથી ઈમ્યૂન સિસ્ટમ મજબૂત થાય છે. તેના નેચરલ ઓઈલ્સમાં એન્ટિ માઈક્રોબિયલ ગુણ હોય છે જે સામાન્ય બીમારીઓ અને ઈન્ફેક્શનમાંથી બચાવે છે. સાથે જ કરુંગલી માળાનો ઉપયોગ જૂના દર્દમાં રાહત આપવા માટે થાય છે. ખાસ કરીને વાતવાયુથી પીડાતાં લોકો તે પહેરે તો સાંધાનાં દર્દ ઓછાં થાય છે. લાકડીની એન્ટિ-ઈન્ફ્લેમેટરી પ્રોપર્ટીઝ આ હીલિંગમાં મદદ કરે છે.

**કરુંગલી માળા ક્યા ભગવાન સાથે જોડાયેલી છે?**

કરુંગલી માળાનો ઉપયોગ જ્યોતિષીય દોષોને શાંત કરવા માટે કરવામાં આવે છે. ખાસ કરીને 'શનિ' અને 'મંગળ'ના પ્રભાવને બેલેન્સ કરે છે. કરુંગલી માળાના મુખ્ય દેવતા શનિ દેવ (સેટર્ન) માનવામાં આવે છે. કરુંગલી એટલે કે બ્લેક એબની લાકડીનો કાળો રંગ શનિની ઊર્જાને ઊંડાણથી જોડાયેલો છે. કરુંગલી માળાથી શનિ દેવ ખુશ થાય છે અને કરુંગલી શનિના નકારાત્મક પ્રભાવોમાં ઘટાડો થાય છે.

કરુંગલી માળાને શ્રદ્ધાથી પહેરવાવાળાને ભગવાન ગણેશજી આશીર્વાદ આપે છે. આ માળાથી ગણેશજીના જપ પણ કરી શકાય છે.

દિવ્ય માતાના ઉગ્ર રૂપે દેવી કાળિકાની ઊર્જા કાળી લાકડી રૂપે તેની શક્તિનું પ્રતીક છે. જે નકારાત્મકતાને ખતમ કરે છે.

દક્ષિણ ભારતીય પરંપરાઓમાં ભગવાન મુરૂગન (કાર્તિકેય)ને કરુંગલી માળા પણ અર્પણ કરવામાં આવે છે.

એક્ટિવેટેડ અને અસલી કરુંગલીની 108 મણકાની માળાને શનિવાર શનિદેવનો દિવસ છે જેથી માળાની શક્તિ ઘણી વધી જાય છે.

**અસલી કરુંગલી માળા ---**

જ્યારે અસલી કરુંગલી માળાની શોધ હોય ત્યારે ક્વોલિટી સૌથી જરૂરી હોય છે. અસલી માળાઓ સિંથેટિક વિકલ્પોની સરખામણીમાં વધારે તાકાતવર આધ્યાત્મિક ઊર્જા રાખે છે. આજકાલ બજારમાં કાળા રંગની કરુંગલી જેવી જ આબેહુબ બનાવટી પ્લાસ્ટિક કે અન્ય લાકડાની મળે છે તેથી છેતરાઈ જવાની સો ટકા શક્યતા રહે છે. પૈસા પડી જાય અને રિઝલ્ટ ના મળે ....... તમારે એવી માળા પસંદ કરવાની કે ઘાટા રંગની, ભારે લાકડામાંથી બનેલી હોય અને જેનું ફિનિશિંગ સ્મુધ હોય! અમે પરંપરાગત ચકાસણીમાં ખરી ઊતરેલી કરુંગલી માળા સિદ્ધ કરીને સાધકને સોંપીએ છીએ. દરેક માળાની ગુણવત્તાની તપાસ કરવામાં આવે છે. જેથી તેની અસલિયત અને આધ્યાત્મિક પ્રભાવ જોવા મળે છે.

તમારી આ કરુંગલી માળા ફક્ત એક ઘરેણું નથી પરંતુ તે આધ્યાત્મિક સાથી છે. સાથે સાથે તેના અનેક ફાયદા છે. .... પરંતુ કરુંગલી માળાથી નુકસાન પણ કેટલીક વિશેષ પરિસ્થિતિઓમાં થઈ શકે છે. પવિત્ર લાકડામાંથી બનેલી આ માળા તમોને દિવ્ય ઊર્જા અને ઊંચા બ્રહ્માંડીય કંપન સાથે જોડે છે... પછી તમોને રક્ષણ જોઈએ... માનસિક શાંતિ કે જ્યોતિષીય બેલેન્સ જોઈએ... આ માળા દરેક ડગલે ને પગલે તમારી સાથે છે. તમે કોઈ ભરોસાવાળા માર્ગદર્શકને આપો છો એ રીતે તેને પણ પ્રેમ અને સન્માન સાથે રાખવી. તેની સમય-સમય પર શુદ્ધ કરવી અને નિયતની સાથે ચાર્જ કરવી. તમારી કરુંગલી માળા તમારી આધ્યાત્મિક યાત્રામાં એક જીવનભરની સાથી બની જાય છે... હંમેશાં તમને ગાઈડ કરવા, સપોર્ટ આપવા અને સુરક્ષિત રાખવા માટે ..... જો તેને ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે અથવા નિયમો વગર પહેરવામાં આવે તો તેનાથી નુકસાન પણ થઈ શકે છે.

